## આવતીકાલનો ઉજાસ



ગોપી વસંતભાઈ સુથાર
ધોરણ-૯
બા શ્રી વસંતકુંવરબા
કન્યા વિદ્યાલય

ભણતરની સાથે ગણતરમાં પણ તેજસ્વી એવી ગોપી ઈતર પ્રવૃત્તિઓમાં હંમેશા અગ્રસ્થાને રહે છે. સ્વભાવે સરળ, મૃદુભાષી અને મિલનસાર સ્વભાવ ધરાવતી આ તેજસ્વી વિદ્યાર્થીનીએ આત્મન ફાઉન્ડેશન દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધામાં તૃતિય સ્થાનનું વિજેતાપદ મેળવ્યું છે. વી એન બાલભવન દ્વારા આયોજિત સર્જનાત્મક ચિત્રકલામાં સુંદર દેખાવ કરી તેણે ઝોન કક્ષાએ પણ સ્થાન મેળવ્યું છે.

# આજે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી સ્થાપના દિનની ઉજવણીનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર દ્વારા અકાદમીની સ્થાપના દિનની ઉજવણીનો કાર્યક્રમ આજે તા. ૧૭મી મે-૨૦૧૨ના રોજ જયશંકર સુંદરી હોલ, રાયખડ, અમદાવાદ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના સચિવ ડૉ. પ્રદીપ આઝાદે સંગીત, નૃત્ય અને નાટ્ય વિષયક વિવિધતા સભર સાંસ્કૃતિક કાર્યક્રમ માણવા સૌ કલારસિકોને ઉપસ્થિત રહેવા ખાસ જણાવ્યું છે. જયશંકર સુંદરી હોલ ખાતે કુ. રેના લિંબાચિયા કથ્થક નૃત્ય રજૂ કરશે. ગૌરવ પુરસ્કારથી પુરસ્કૃત મહેશ શાસ્ત્રી હાસ્ય દરબાર ખિલવશે તથા ભૂમિક શાહ અને વૃંદ લોકસંગીત અને સુગમ સંગીતનો કાર્યક્રમ રેલાવશે જેનો સૌ સ્નેહીમિત્રો અને રસિકજનો લાભ લઈ શકશે.

# રાયસણ ગામનું ગૌરવ વધારતો વિદ્યાર્થી

ગાંધીનગર, તા. ૧૬

અમદાવાદમાં અભ્યાસ કરતાં વિરાજ રાજેન્દ્રભાઈ પટેલ ધોરણ-૧૨ સાયન્સમાં ૯૯.૯૩ ટકા મેળવેલ છે. વિરાજ પટેલ ગાંધીનગર જિલ્લાના રાયસણના વતની છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ સભ્યશ્રી માધાભાઈ કચરાભાઈ પટેલના પૌત્ર વિરાજ રાજકુમાર પટેલે ૯૯.૯૩ ટકા મેળવીને ગૌરવંતુ સ્થાન અમદાવાદમાં મેળવેલ છે. સી.એન. વિદ્યાલયમાં અભ્યાસ કરતા આ તેજસ્વી વિરાજે અદ્‌ભૂત સિદ્ધિ હાંસલ કરેલ છે.

ધોરણ- ૨૦માં અમદાવાદમાં પ્રથમ અને રાજ્યમાં પાંચમું સ્થાન વિરાજ પટેલે મેળવેલ હતું. વિરાજ પટેલ ગાંધીનગરના સેકટર-૮ મંગલમૂર્તિ સોસાયટીમાં વસવાટ કરે છે. વિરાજ રાજેન્દ્રભાઈ પટેલે આ સિદ્ધિથી રાયસણ અને ગાંધીનગર જિલ્લાને ગૌરવંતો બનાવેલ છે.

# ગાંધીનગરમાં માધ્યમિક શાળાઓના વિલીનીકરણ સામે વધતો આક્રોશ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરની રચનાથી જ જે શાળાઓ પ્રથમ હરોળમાં હતી તેવી શાળાઓ બંધ કરી મકાનો અન્ય સંસ્થાઓને હવાલે મુકવાના નિર્ણયથી વસાહતીઓમાં નારાજગી જન્મી છે. શાળાઓ બંધ કરવાને કારણે ગરીબ, મધ્યમવર્ગી પરિવારના વિદ્યાર્થીઓ અને વાલીઓ જે મુશ્કેલીઓ અનુભવાશે તેના સામે પ્રશ્નાર્થ ઊભો થયો છે.

શાળા બંધ થવાના પ્રશ્ન સામે વાલીઓ પાસેથી અભિપ્રાયો મંગાવવામાં આવ્યા હતા. સેકટર-૨૦, ૨૯, ૨૪, ૧૫ની શાળાના આશરે ૩૦૦ વાલીઓએ શાળા બંધ ન કરવાનો અભિપ્રાય લેખિત સ્વરૂપમાં આપ્યો હતો છતાં વિદ્યાર્થીઓના ભાવિ સામે ચેડા થઈ રહ્યા છે. ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓનું ભાવિ અટકી જશે જે ગંભીર બાબત છે. આ બાબતે લોકોમાં દુઃખ અને અસંતોષ વર્તાઈ રહ્યો છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચ, મયૂર વ્યાસ, સુધીર દેસાઈ, કિશોર જીકાદરા, નિલેન્દુ વોરા સહિત સૌએ રજૂઆત અને જિલ્લા શિક્ષણાધિકારીએ ભલામણ કરી હોવા ઉપરાંત સેકટર-૨૯, ૨૦, વસાહત મંડળો, બોરીજ વિકાસ મંડળ તથા વ્યકિતગત ૪૦૦ રજૂઆતો સામે પણ સરકાર અનિર્ણાયક રહેતા વિદ્યાર્થીઓમાં હતાશા વ્યાપી છે અને ભાવિ અંધકારમય બની ગયું છે.

શાળા કમિશનર સી.વી. સોમને પણ પુનઃ રજૂઆતો કરી શાળા બંધ કરવાના નિર્ણયને મોકુફ રાખવા રજૂઆત કરી છે. તે સામે તાત્કાલિક પગલા લેવા અને જરુરી હુકમો રદ કરી શાળામાં વિદ્યાર્થીઓને પ્રવેશ ચાલુ કરવા અને ધોરણ-૯ના વિદ્યાર્થીઓને વ્યવસ્થા આપવા વિનંતી કરી છે. વિદ્યાર્થીઓ વિરૂધ્ધના નિર્ણયને પાછો ખેંચવા વસાહત મંડળના ભરતભાઈ, નવલસિંહ, ગુણવંતભાઈ અને ચંદુજી ઠાકોર સહિત સૌએ રજુઆત કરી છે.

# બહુચરાજીમાં તેજત્રિપુરા પૂર્વાર્ધ મહોત્સવ ૧૯મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના ઉપક્રમે શ્રી બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ, બહુચરાજી અને આઈ.એસ.દેસાઈ મહિલા આર્ટસ કોલેજ, બહુચરાજીના સહયોગથી તા. ૧૯મી મે-૨૦૧૨ને શનિવારે રાત્રે ૮.૩૦ કલાકે તેજત્રિપુરા પૂર્વાર્ધ મહોત્સવ-૨૦૧૨ શ્રી બહુચરાજી માતાજી મંદિર, પરિસર, બહુચરાજી ખાતે યોજાશે.

તેજત્રિપુરા પૂર્વાર્ધ મહોત્સવ-૨૦૧૨માં સમારંભના અધ્યક્ષ તરીકે પાણી પુરવઠા, જળ સંપત્તિ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણના મંત્રી નીતિનભાઈ પટેલ, ઉદ્‌ઘાટક તરીકે સહકાર, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલ અને મુખ્ય મહેમાન તરીકે સંસદસભ્ય જયશ્રીબેન પટેલ, નટુજી ઠાકોર અને ગુ.હા.બો.ના ચેરમેન જયંતિભાઈ બારોટ ખાસ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે વિવિધતાસભર પરંપરાગત લોકનૃત્યો, ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવશે. કાર્યક્રમને નિહાળવા સૌ ભક્તજનો ઉપસ્થિત રહે તેવી આયોજકોએ ઈચ્છા વ્યક્ત કરી છે.

# માનસિક વિશિષ્ટ બાળકોએ બનાવેલી ચીજવસ્તુઓ ખરીદવા આહ્‌વાન



ગાંધીનગર, તા.૧૬

મેન્ટલી સ્પેશિયલ બાળકો માટે કાર્યરત હેત ફાઉન્ડેશન દ્વારા આ બાળકો માટેનો સમર વર્કશોપ સેકટર-૫-ડીમાં કારડીયા રાજપૂત સમાજની પ્રાથમિક શાળામાં ચાલી રહ્યો છે. આ બાળકોએ વર્કશોપ દરમિયાન બનાવાયેલી વિવિધ ચીજવસ્તુઓનું વેચાણ શિબિર દરમ્યાન ચાલી રહ્યું છે.

આ વિશિષ્ટ બાળકોને તેમના કાર્ય બદલ બિરદાવવા, તેમને પ્રોત્સાહિત કરવા અને તેમણે બનાવેલી વિવિધ ચીજવસ્તુઓ ખરીદવા સમર કેમ્પની મુલાકાત સવારે ૮થી ૧૨ દરમ્યાન લેવા સંસ્થાના પ્રમુખ મીરા ગઢવીએ જાહેર અનુરોધ કર્યો છે.

# હિંમતનગર વિદ્યાનગરી કેમ્પસમાં કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

*હિંમતનગર, તા. ૧૬*

*હિંમતનગર વિદ્યાનગરી કેમ્પસ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રકાશીત કારકિર્દીના ઉંબરે' ધોરણ-૧૨ પછી શું? નું સચોટ માહિતી અને માર્ગદર્શન આપતા પુસ્તકનું વિમોચન, વિતરણ અને માર્ગદર્શન આપતી માહિતીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી મિત્રો, તેમના વાલીઓ અને કોંગ્રેસ કાર્યકરો હાજર રહ્યા હતા.*

*આ 'કારકિર્દીના ઉંબરે' પુસ્તકના વિમોચન તથા માહિતી અને માર્ગદર્શન પ્રસંગે પુસ્તકના સંપાદક અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. મનિષ દોશી ખાસ વક્તા તરીકે હાજર રહ્યા હતા અને વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ પછીના વિવિધ અભ્યાસક્રમોની વિગતવાર માહિતી અને માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓએ પોતે રૂચી અને ક્ષમતા મુજબ અભ્યાસક્રમની પસંદગી કરવી જોઈએ તેમ જણાવ્યું હતું. આ ઉપરાંત સરકાર તરફથી અભ્યાસ અર્થે મળવા પ્રાપ્ત થતી લોન અને શિષ્યવૃત્તિની પણ સચોટ જાણકારી આપી હતી અને વિદ્યાર્થીઓને પોતાના ભવિષ્ય માટે મુંજવતા કેટલાક પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ આપ્યા હતા.*

*આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે વિદ્યાનગરીના સંચાલક ડી.એલ. પટેલ, ગોપાલસિંહ રાઠોડ, અશોકભાઈ પટેલ, જિલ્લા કોંગ્રેસના પદાધિકારીઓ અને સેનેટ સભ્ય કૃપલ રાવલ અને નિતિન સાધુએ ભારે જહેમત ઉઠાવી હતી.*

# ગાંધીનગરની બીબીએ કૉલેજ દ્વારા ૬ દિવસનો નિઃશુલ્ક વાઈબ્રન્ટ વર્કશોપ યોજવામાં આવશે

*ગાંધીનગર, તા. ૧૬*

*કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેશ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ.) ગાંધીનગર દ્વારા ધોરણ ૧૨ની પરીક્ષા આપી હોય અને પરિણામની રાહ જોઈ વેકેશન માણવા માંગતા વિદ્યાર્થી ભાઈઓ-બહેનો માટે તા. ૧૮મી મે-૨૦૧૨ થી ૨૪મી મે-૨૦૧૨ દરમિયાન ખાસ વાઈબ્રન્ટ વર્કશોપ યોજાશે. વિદ્યાર્થીઓની ભાવિ શૈક્ષણિક કારકિર્દી તેમજ સર્વાંગી વિકાસના મુખ્ય ઉદ્દેશો સાથે યોજવામાં આવેલા આ નિઃશુલ્ક વર્કશોપમાં ઉચ્ચ શિક્ષણ, કોર્પોરેટ લાઈફ એન્ડ સ્ટાઈલ, પર્સનાલિટી એન્ડ કેરેક્ટર ડેવલેપમેન્ટ તથા મેનેજમેન્ટ ગેઈમ્સ જેવા વૈવિધ્યસભર વિષયોને આવરી લેવામાં આવશે. કોલેજ કેમ્પસમાં યોજાનાર આ છ દિવસીય વર્કશોપ સવારે ૯.૩૦ થી બપોરે ૧૨.૪૫ કલાક સુધી ચાલશે. આ વર્કશોપ સફળ રીતે પરિપૂર્ણ કરનાર વિદ્યાર્થીને સર્ટિફિકેટ આપવામાં આવશે.*

*વર્કશોપ રજીસ્ટ્રેશન તથા અન્ય માહિતી માટે ધર્મેન્દ્રભાઈ રાઠોડનો મો. નં. ૯૯૦૪૭૪૯૪૫૪ તથા ૨૩૨-૪૫૭૩૫ પર સવારે ૯ થી બપોરે ૪ કલાક દરમિયાન સંપર્ક કરવો એમ સંસ્થા દ્વારા જણાવાયું છે.*

# જીટીયુ કમિટિ ઘણી કોલેજોમાં વિદ્યાર્થીઓને હજુય મળી નથી

અમદાવાદ, તા.૧૬

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોાં ફેકલ્ટી સહિતની સુવિધા છે કે નહીં તે માટે જીટીયુ દ્વારા મોકલવામાં વેલી કમિટિના સભ્યો ઘણી કોલેજોમાં નિયમ મુજબ વિદ્યાર્થીઓને મળ્યા જ નથી તેમણે ફક્ત કોલેજના સંચાલકો અને સ્ટાફને સાંભળી રિપોર્ટ તૈયાર કર્યો હોવાનું જાણવા મળ્યુ છે. જીટીયુ સંલગ્ન એન્જિનીયરીંગ, ફાર્મસી, એમબીએ અને એમસીએ સહિતની કોલેજોમાં ફેકલ્ટી, લેબોરેટરી, પ્રાથમિક સુવિધા, હોસ્ટેલની સફાઇ સહિતતમામ પ્રકારની સુવિધા બરાબર છે કે નહી તે અંગે દરવર્ષે તપાસ કરવામાં આવે છે. દેશની સર્વોચ્ચ સંસ્થા ઓલ ઈન્ડિયા કાઉન્સીલ ફોર ટીચર્સ એજ્યુકેશન દ્વારા પણ દેશભરની ટેકનીકલ કોલેજોમાં સુવિધાને લઈને દરવર્ષે તપાસ થથી હોય છે. જેથી ચાલુ વર્ષે જીટીયુની તપાસ પ્રક્રિયા શરુ કરાયા બાદ એઆઈસીટીઈએ પણ તપાસ શરુ કરતા બન્નેની તપાસ પ્રક્રિયા એક સાથે ચાલી રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આઆઈસીટીઈની ટીમે અત્યાર સુધીમાં અસુવિધાને કારણે ફક્ત રાજકોટની કોલેજ સામે જ કાર્યવાહી કરી છે બીજીબાજુ જીટીયુના વિવિધ ડીનની આગેવાનીમાં બનાવેલી જુદી જુદી ટીમોએ પ્રત્યેક કોલેજમાં જઈ તપાસ હાથ ધરી હતી.

# કેફિયત કલા સાધકની

\- આશા સરવૈયા

ગરબા અને રાસ ગુજરાતી પ્રજાનું મહામૂલું લોક કલા ધન અને ગુજરાતની ગરવી સંસ્કૃતિનું સૌથી સુંદર પાસું છે. રાસને ભગવાન શ્રીકૃષ્ણે અને ગરબાને માતા જગદમ્બિકાએ ધન્ય કરેલા છે. ગુજરાતણ વિશ્વને કોઈ પણ ખૂણે હોય, ગમે તેટલી આધુનિક હોય તોયે નવરાત્રી ટાણે તેના હાથ તાળી સ્વરૂપે ટપટપ્યા વિના અને પગ થનગન્યા વિના ન જ રહે એવા આ ગરબાની લોક કલાનાં કામણ આજેય યથાવત્ છે. ગાંધીનગરમાં ગરબાની જ્યાં પણ વાત થતી હોય ત્યાં એક નામ તો અવશ્ય ગૂંજતું હોય જ અને અનાયાસે એ નામ વાતોમાં પણ આવી જ જાય. આ નામ તે ગાંધીનગરના મૃદંગ કલાવૃંદના સુકાની, સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલના પૂર્વ શિક્ષિકા અને ગરબાના જીવ એવા શ્રીમતી મુક્તિબેન યશેષભાઈ વૈષ્ણવ.

મુક્તિબેનને માતા તરફથી મળેલા ભારોભાર કલાવારસાને લીધે પાંચ વર્ષની ઉંમરથી જ ગીત-સંગીત અને નૃત્ય વિ. કલાસંસ્કારોનું સિંચન એમના વ્યક્તિત્વમાં થયું. ભાવનગરની 'ઘરશાળા'માં જાણીતા સંગતજ્ઞ શ્રી ગુલભાઈ દેખૈયા અને શ્રી મહંમદ દેખૈયાના માર્ગદર્શન હેઠળ સંગીતની તાલીમ લેવાનું શરૂ થયું. સાથે સાથે લોક સાહિત્ય, લોક સંગીતમાં રાષ્ટ્રીય ઍવોર્ડ વિજેતા શ્રી ખોડીદાસભાઈ પરમારના માર્ગદર્શન સાથે માત્ર બાર વર્ષની ઉંમરે ગરબાની કોરિયોગ્રાફી કરાવીને 'ભાવનગર વિજયપદ્મ' હરિફાઈમાં તે ગરબાએ સમગ્ર ભાવનગરમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આમ નાની ઉંમરથી જ મુક્તિબેનની ગરબા દિગ્દર્શનની યાત્રા શરૂ થઈ અને શાળાના તથા અન્ય કાર્યક્રમોમાં માત્ર ગરબા જ નહીં, પરંતુ અભિનય, વક્તૃત્વ, સંગીત બધા જ ક્ષેત્રનો થોડો થોડો પ્રસાદ ચાખવા મળ્યો. નૃત્ય અને સંગીતનો સુભગ સમન્વય એવા મુક્તિબેને ૧૪ વર્ષની ઉંમરે ભાવનગર બેસ્ટ સિંગર ઑફ ધ સિટીનું બિરૂદ પ્રાપ્ત કર્યું. સંગીત ક્ષેત્રે ખૂબ જાણીતા ગાયકો શ્રી પ્રફુલ્લ દવે, ભારતી કુંચાલા, હેમાંગિની દેસાઈ વિ. સાથે કાર્યક્રમો અને બેઠકોમાં મુક્તિબેને પોતાનો સુરીલો કંઠ આપ્યો.

૧૯૭૭થી ગાંધીનગરના નિવાસી બનેલા મુક્તિબેનનો કૉલેજ અભ્યાસ (ઍમએ વિથ ઈંગ્લિશ) સરકારી કૉલેજ, ગાંધીનગરમાં. કૉલેજ કાળ દરમ્યાન યુવક મહોત્સવમાં સુગમ સંગીત સ્પર્ધામાં અનેક વર્ષો સુધી પ્રથમ સ્થાન મેળવ્યું હતું. જાણીતા સંગીતજ્ઞ શ્રી મુનિકુમાર દેસાઈ પાસે પણ સંગીતની તાલીમ ચાલુ રહી. સાથે સાથે માલિની પંડિતના ગરબા ગૃપમાંથી આમંત્રણ મળ્યું અને એક સાથે આઠ ગરબા, લોકનૃત્યોમાં ભાગ લઈને ગાંધીનગર તેમજ અમદાવાદમાં સ્ટેજ શો કરવાનું શ્રેય પ્રાપ્ત થયું.

સૅક્ટર-૨૦માં ૧૯૭૭માં શરૂ થયેલ નવરાત્રીની સૌ પ્રથમ ગરબીમાં મુક્તિબેન અને તેમનાં બહેન માયાબેન હાથી શારદીય શીતલ વાતાવરણની રાત્રીએ માતાજીના ગરબા, માતાજીની શ્રદ્ધા અને નિજાનંદ માટે રાતના દસથી સવારના ચાર વાગ્યા સુધી ગવડાવતા, જે સતત દસ વર્ષ સુધી મુક્તિ-માયાની બેલડીએ ગવડાવ્યા. એ ગરબાના સુરો હજીયે લોકોના કાનમાં ગૂંજ્યા કરે છે.

૧૯૮૩માં મુક્તિબેન શહેરની જાણીતી સૅન્ટ ઝેવિયર્સ શાળામાં શિક્ષિકા તરીકે જોડાયા અને તે જ વર્ષથી મુક્તિબેને તૈયાર કરેલ શાળાની ટીમે જિલ્લા કક્ષાની રાસ-ગરબા સ્પર્ધામાં પ્રથમ અને રાજ્ય સ્પર્ધામાં તૃતિય સ્થાન મેળવ્યું. ત્યારબાદ સતત પાંચ વર્ષ સુધી સેન્ટ ઝેવિયર્સ શાળાએ મુક્તિબેનની કોરિયોગ્રાફી અને નેતૃત્વ હેઠળ રાજ્ય કક્ષાએ પારિતોષિકો મેળવ્યા જે નોંધનીય અને સરાહનીય છે. ઉપરાંત સૅન્ટ ઝેવિયર્સના બાળકોની ટીમને ભારત વિકાસ પરિષદ આયોજિત દેશભક્તિ ગીત સ્પર્ધામાં પ્રથમ સ્થાન અપાવ્યું હતું. બાળકોને તૈયાર કરીને આકાશવાણી પર ઘણાં વર્ષો કાર્યક્રમો આપ્યા.

૧૯૯૦માં મુક્તિબેને મૃદંગ કલા કેન્દ્રની સ્થાપના કરી. મૃદંગ કલા કેન્દ્રે પણ જિલ્લા અને રાજ્ય કક્ષાની રાસ-ગરબ સ્પર્ધામાં પ્રાચીન અને અર્વાચીન ગરબામાં અનેક ઈનામો મેળવ્યાં. ખાસ કરીને મુક્તિબેનની અર્વાચિન ગરબાની વિશિષ્ટ કોરિયોગ્રાફી અને શાસ્ત્રીય રાગોની સજાવટ સાથેના ગરબાએ રાજ્ય કક્ષાએ એક આગવી ઓળખ ઊભી કરીહતી. મુક્તિબેને તૈયાર કરેલ ગરબો 'અલબેલા તેજના ઝગારા રે, અંબે તારી શોભાના ઊડે ફુઆરા'નું ઈન્દ્રધનૂષી દશ્ય અને મધુર સ્વરાંકનને ગરબા રસિકો આજે પણ યાદ કરે છે. 'ઝળહળતા દીવડાએ અજવાળો આંગણા...' આ ગરબો એના કર્ણપ્રિય સ્વરાંકન અને નવીનતમ આકર્ષક કોરિયોગ્રાફીને લઈને ગાંધીનગરથી શરૂ કરીને સમગ્ર



ગુજરાતમાં ઘૂમ્યો. અમ ગરબાનો પર્યાય બની રહેલા મુક્તિબેનની કલાકીર્તિ ગુજરાત સ્તરે વિસ્તરતી રહી. મુક્તિબેને ઘણા ગરબા અને ગીતો સ્વરબધ્ધ કર્યા છે. કલા સફરમાં ગરબાને મઠારવા, સજાવવામાં શ્રી બિરેન પુરોહિતનો સાથ સહકાર ખૂબ મહત્ત્વના બની રહ્યા. મૃદંગ કલા કેન્દ્રના કાર્યક્રમો દૂરદર્શન પર પણ યોજાયા છે. ગુજરાત રાજ્ય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા યોજાયેલ ગરબા પ્રશિક્ષણ શિબિરમાં તજ્જ્ઞ તરીકે અનેકવાર મુક્તિબેને સેવાઓ આપી છે. ગુજરાતના જિલ્લા કક્ષાની રાસ-ગરબા સ્પર્ધા, યુવક મહોત્સવની વિવિધ સ્પર્ધાઓ તેમજ ગાંધીનગરની સંસ્થાઓ - કલ્ચરલ ફોરમ, જ્યોતિ મહિલા મંડળ, લાયન્સ ક્લબ, નાગર મંડળ વિ.માં મુક્તિબેન વર્ષોથી નિર્ણાયક તરીકે સેવાઓ આપે છે.

ગાંધીનગરની સંસ્થા 'અવસર' અને ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સાંસ્કૃતિક ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન બદલ મુક્તિબેનને ઍવોર્ડ આપી સન્માનવામાં આવ્યા હતા.

મુક્તિબેનની ગરબાકળાની દીર્ઘયાત્રામાં તેમની પાસે શીખેલી કલાકાર દીકરીઓ - તેજલ શાહ, દિવ્યા, રચના, જલ્પા, અલ્પા, વિનંતી, અમી, વિભૂતિ વિ.ની તાળીની ગૂંજ અને ઠેસના ઠમકા મુક્તિબેન પ્રેમથી આજે પણ વાગોળે છે. છેલ્લાં ત્રીસ વર્ષથી ગાંધીનગરના કલા-સાંસ્કૃતિક ક્ષેત્રે સંકળાયેલા મુક્તિબેન તેમની ગરબાની કોરિયોગ્રાફી, સંગીત અને રાગ ઢાળની શાસ્ત્રીય સૂઝ, તાલની નિપુણતા વિ.એ એક વિશિષ્ટ ઓળખ ઊભી કરી છે. મુક્તિબેનના મિલનસાર પતિ શ્રી યશેષ વૈષ્ણવ, જાણીતા પૂર્વ ક્રિકેટર અને હાલ બૅન્ક ઑફ બરોડા (ગેઝીયા બ્રાંચ)ના બાહોશ બૅન્ક મૅનેજર છે. મુક્તિબેન જણાવે છે કે પતિ યશેષ વૈષ્ણવ અને પુત્રી દ્વિતિના સંપૂર્ણ સહકારે જ મારા કલાકાર જીવને જીવંત અને ધબકતો રાખ્યો છે.

ગાંધીનગરના ગરબા સાધક મુક્તિબેનને માતાજીના અસીમ આશીર્વાદ સહ 'માતા ભવાની દુર્ગે સબ દુખહારિણી નામ સુમિર જય ભવાની, જય ભવાની...'

# શાબાશ અમદાવાદીઓ, ધંધાદારીઓ, રાહદારીઓ, સાંભળનારાઓ

## હજુ પણ આ વાત યાદ કરતાં મૅનેજર, વેઈટર, હૉટલનું કાર્ડ અને ખાસ લોટો આંખ સામે આવે છે !

### કંઈક કહેવું છે

અમદાવાદમાં પા ડઝન રેડિયો ઍફઍમ થયા. નવા આવે એટલે જૂના ધંધાદારી વર્તુળ સાથે ઓતપ્રોત બની જાણે લ્હાણી કરતા હોય એમ બકવાસ સાથે સરપ્રાઈઝ 'મફત મફત' બોલ્યા કરે. એક સાંજે મારી પુત્રી એકાએક કહે, પપ્પા મને રેડિયો ઍફઍમ તરફથી રૂા. ૫૦૦નું ઈનામ લાગ્યું. મેં કહ્યું, અમસ્તું જ ? પુત્રીએ કહ્યું, એક સિમ્પલ ઍસઍમઍસ કર્યો અને લાગ્યું. મેં કહ્યું, 'રોકડા આપશે કે ચૅક ?' બે દિવસ પછી કુરિયરમાં લાલ મરચાં જેવું ચોરસ કવર મળ્યું. રૂા. ૫૦૦ ગીફ્ટ લખેલું હતું. પણ જણાવેલી હૉટલમાં ખવા જાવ તેમાંથી રૂા. ૫૦૦નું વળતર. હું સમજીગયો, હોટલ એવી હશે જે રૂા. ૧ હજારથી મોટું બિલ બનાવી રૂા. ૧૫૦૦નું બિલ પકડાવી રૂા. ૫૦૦ બાદ કરી હસતું મોઢું રાખશે, અંદરખાને રોવડાવશે (છેતરીને).

અમો ગાંધીનગરથી ૨૭ કિમી ઍસજી હાઈવે પર હોટલમાં ગયા. શો બહારથી જૂનવાણી હતો. અંદર જૂના પોસ્ટર્સ અને જૂની ઢબનું રાચરચીલું. શહેરના લોકોને આકર્ષવા સાધારણ ગરદી પણ હતી. પણ કાઉન્ટર (મૅનેજર) પાસે જતા માલૂમ પડ્યું કે ૩૦થી ૪૦ ગ્રાહકોની ૫૦૦ કે વધુ-ઓછીની લાલ કૂપનો પડેલી. એટલે ગીફ્ટ વાઉચરવાળા જ મોટે ભાગે અહીં આવે છે એવું લાગ્યું. મનોમન નિર્ણય કર્યો કે ખાવું નથી, ગીફ્ટ વાઉચર કોઈને આપી દઈએ. પણ એક પરિવાર એક જ ગીફ્ટ વાઉચરનો ઉપયોગ કરી શકે. બાળકો ને સંબંધીને ખોટું લાગી જશે જો બીજે જશું તો એમ માનીને બેઠા. અડધો કલાક પછી કાળા કોટવાળા મેનુ અને ઑર્ડર લઈ ગયા. એક આવે અને એક ન આવે. અધુરું આવે, બીજી વસ્તુ માટે રાહ જોવાની, ગ્રાહક પ્રત્યે કર્તાઓની (હોટલવાળાની) ભાવના સારી નહીં હોય એવું લાગ્યું. જર્મન સિલ્વર વાસણો કદી રસાયણથી સાફસૂફ પણ નહીં કર્યા હોય તેવા થાળી-વાટકા, જગ, ગ્લાસ અને લોટા (પાણીનો લોટો બંધ ઘડાનો, ગામડામાં 'લોટે જવાનો' લોટો હોય તેના કરતાં પણ ખરાબ હતો.) અને વાસણો એટલા ખરાબ હતા કે નીચે કાળા ડાઘ અને કાટ લાગેલા હતા. વેઈટરને બે વાર કહ્યું ત્યારે પાણી જગમાંથી લોટામાં રેડ્યું. મેં કહ્યું, 'કોઈ આ હોટલમાં સાફસફાઈ જોવા આવતું નથી કે શું ?' વેઈટરને લાગ્યું કે કોઈ પૃચ્છા કરે છે ખરી. તેથી જેમ ટીપ લેવા આવે તેમ હસતું મોઢું રાખી કહ્યું, 'આવે છે ને. પણ ખાઈ-પીને ચાલ્યા જાય છે. હૉટલ જૂની છે પણ ઍફઍમ રેડિયોવાળાએ સહકાર આપ્યા પછી સારી ચાલે છે.'





ખાવાપીવાની વસ્તુ સામાન્ય સ્થાનિક કરતાં બેથી ત્રણ ગણા ભાવની હતી. મસાલાના ચટકા હતા, બાકી કંઈ ભલીવાર નહીં. આવી જગ્યાએ મારી જિંદગીમાં પહેલીવાર અનુભવ થયો. આ તો સારું થયું કે જમ્યા પછી લોટો જોયો, પહેલાં જોયો હોત તો જમવાનુંય ન ભાવત.

આ રીતે રેડિયો ઍફઍમ આવ્યા પછી લોકોના કાને બહેરાશ તો આવશે પણ આવી હૉટલોને નભાવનારાઓ લોકોના આરોગ્યને મોટું નુકસાન પહોંચાડશે. બિલ રૂા. ૧૭૩૦નું આવ્યું. ઑર્ડરમાંની ઘણી વસ્તુઓ ડબલ ચડાવી રૂા. ૪૦થી ૫૦ની આઈટમના રૂા. ૯૮થી ૧૨૦ કર્યા. રોટીના સામાન્ય રૂા. ૧૦ હોય, પણ અહીં રૂા. ૨૦થી ૨૨ કર્યા. મૅનેજરે કહ્યું, આ તો બરાબર છે, સ્ટાન્ડર્ડ છે. સાત જણા વચ્ચે રૂા. ૧૭૩૦નું બિલ. છૂટા ન હતા એટલે કાળા કોટવાળાને ટીપમાં ૭૦થી ૮૦ રૂપિયા જોઈતા હતા. પણ પુત્રએ ૧૨૫૦ મૂકી ૫૦૦ રૂપિયા ડિસ્કાઉન્ટ ગણી ૧૭૫૦ ચૂકવ્યા.

આ વાત એટલા માટે લોકો સુધી પહોંચાડવા નિર્ધાર કર્યો કે અમારી જેમ સામાન્ય માણસ આવી લોભામણી, લલચામણી જાહેરાતોમાં આવી ન જાય. હજુ પણ આ વાત યાદ કરતાં મૅનેજર, વેઈટર, હૉટલનું કાર્ડ અને ખાસ લોટો આંખ સામે આવે છે !

\- કાંતિભાઈ એમ શર્મા




નોંધ : આ વિભાગમાં આવતાં લખાણો સાથે અખબાર સંમત છે એમ માની લેવું નહીં